# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## જુના સચિવાલય પાસે, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર

### નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી નવી બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજી અંગે અગત્યની જાહેરાત

નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી નવી બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક (ધો-૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧) શાળાઓ શરૂ કરવા કાયદેસર રીતે નોંધાયેલું ટ્રસ્ટ (સંચાલક મંડળ/સ્થાનિક સ્વરાજની સંસ્થા) તેમની સ્થાપના કરીને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા માટે તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે તા.૦૧/૦૧/૨૦૨૪ ના સાંજના ૪:૦૦ કલાક થી તા.૨૯/૦૨/૨૦૨૪ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઇટ **nsa.gseb.org** પરથી ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સૂચના ધ્યાનપૂર્વક વાંચી ઓનલાઇન અરજી સાથે જરૂરી તમામ આધાર-પુરાવાનું સ્પષ્ટ વાંચી શકાય તે રીતે સ્કેનીગ કરી અરજી સાથે ઓનલાઇન બિડાણ તરીકે ફરજીયાત જોડવાનું (Upload) રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે રજીસ્ટ્રેશન કર્યેથી ઇ-મેલ પર મળેલા આઇ.ડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન **SBI E-pay Payment System** મારફતે રૂ.૨૦,૦૦૦/- ની અરજી ફી ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.

ઓનલાઇન અરજીના આધારે નવી શાળાની અરજી અંગે બોર્ડનો નિર્ણય શાળામંડળ વતી ઓનલાઇન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. મંજુર/નામંજુરની વિગતો બોર્ડની **WebSite** ઉપર મુકવામાં આવશે. જે શાળાને મંજુરી મળે તે શાળા મંડળે મંજુરીપત્રમાં જણાવેલ સમય-મર્યાદામાં બાકીની શાળા નોંધણીની ફી રૂ.૨૦,૦૦૦/-(વીસ હજાર રૂપિયા)ની રકમ બોર્ડના **SBI** ખાતામાં ચલણની નકલ અને અન્ય આધારો સહિતની દરખાસ્ત સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત ઓનલાઇન ભલામણ સહિત બોર્ડની કચેરીને મળ્યેથી શાળા નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. બોર્ડની કચેરીમાં કોઇપણ જાતના આધારો મોકલવાના રહેશે નહી ફક્ત **online** રજુ કરેલ આધારો ધ્યાને લઇ અરજીનો નિર્ણય કરવાની પ્રક્રિયા કરવામાં આવશે.

> નોંધઃ- બોર્ડની વેબસાઇટ **nsa.gseb.org** ઉપર નવી શાળા મંજૂરી માટેની આવશ્યક સૂચનાઓ ધ્યાને લઇ Online અરજી માટેની પ્રક્રિયા કરવાની રહેશે.

(એન.જી.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૨૮/૧૨/૨૦૨૩

D:\RAHUL\G-AKHBA...